## સલામી સવારની..



સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*કોર્ટમાં થયા સાક્ષી, ક્લીનચીટના પૈંતરા છે,*
*ન્યાયની મારકણી ગાયને પગે આ નેતરાં છે.*
*બલિ બન્યાં છે એ થયાં બદનામ હતાં 'કોડ' ભર્યાં -*
*દયાદ્ર આંખે, જેલમાં ન જવાનાં આ વૈતરાં છે...*

હાઈકુ

*આવી સવારી,*
*ગાજતી - ઝબૂકતી -*
*આ અંબા - કૃપા...*

*કરે પવિત્ર*
*નવડાવે ચોકમાં*
*ખેલે ભવાની...*

### ચિંતન

*સજ્જનના એવ સાધનાં પ્રથયન્તિ ગુણોત્કરમ્ ।*
*પુષ્પાણાં સૌરભં પ્રાયસ્તન્વન્તે દિક્ષુ મારુતાઃ ॥*

**ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિત સંગ્રહમાંથી લેવામાં આવેલ છે.**

**સજ્જનો જ અન્ય સજ્જનોના સદ્‌ગુણ-સમૂહને પ્રગટ કરે છે. સામાન્ય રીતે પવન ફૂલોની સૌરભને દિશાઓમાં પ્રસરાવે છે.**

**આપણા સદગુણો, સર્જનશક્તિ ને કદરદાન - સજ્જન લોકો ઓળખીને પ્રગતિ માટે પ્રોત્સાહન આપે અને પ્રશંસા દ્વારા પ્રકાશમાં લાવવાના પણ પ્રયત્ન કરે છે.**

**ઈર્ષાળુ લોકો હતોત્સાહ કરી પ્રગતિમાં રૂકાવટ નાખે છે - ફૂલોની સુગંધનો પ્રચાર કરનાર પવનનું અહીં સારું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે.**

### સુવિચાર

- ખરો સ્વતંત્ર માણસ એ જ છે કે જે પોતાની સ્વતંત્રતા જેટલી બીજાની સ્વતંત્રતાને સાચવે - **નાનાભાઈ ભટ્ટ**
- પોતાની પાસે વધારે પૈસા છે એ ભાન જ પૈસા ખર્ચવાની એક જાતની બિનજરૂરી છૂટ ઊભી કરે છે - **જન્મભૂમિ**
- માણસની કૃતઘ્નતા વધી જાય છે ત્યારે કુદરત પણ પોતાનો ચમત્કાર દેખાડ્યા વગર રહેતી નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- જીવનની પ્રક્રિયા સાથે પરિવર્તન સંકળાયેલું છે, પરંતુ આ પરિવર્તનો મૌલિક, આત્મનિર્ભર અને સ્વયંકૃત હોવા જોઈએ - **ભગિનિ નિવેદિતા**
- બાંધી મુઠ્ઠી લાખની... અને બાંધી જીભ વીસ લાખની - **વિચારદિપ**
- વંટોળિયા અને વાદળથી કયારેય મેઘધનુષ્ય સર્જાઈ ન શકે - **સંત રોબિન**
- આજનું ઔષધ : વડનું તાજુ દૂધ વાઢીયા પર લગાડવાથી ફાયદો થાય છ

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

એક અધિકારી હતા. ભ્રષ્ટાચાર દ્વારા ખૂબ પૈસા બનાવ્યા હતા. દિવસ દરમિયાન પૈસા ભેગા કરતા આ અધિકારી સાંજે પડે. ભગત બની જાય. ભગવાનના મંદિરમાં જઈ સત્સંગ કરે, મોટી રકમના દાન આપે. અધિકારીના યુવાન દીકરાને પિતાનું આ દ્વિમુખી જરા પણ પસંદ ન હતું. એકવાર યુવકે કહ્યું, 'પપ્પા મારી સાથે એક હોટલમાં સાંજે જમવા આવો.' પિતા પુત્ર જેવા હોટલમાં પ્રવેશ્યા કે વેઈટરે એક ખુરશી તરફ ઈશારો કરી બેસવાનું કહ્યું. જયાં ખુરશી પાસે પહોંચ્યો તો ખુરશી એકદમ ગંદી હતી. એના પર દાળ ઢોળાયેલી હતી. વેઈટરને ફરિયાદ કરી એટલે તરત નવી જગ્યા પર બેસવા કહ્યું. ત્યાં જઈને જોયું તો ટેબલ ગંદુ હતું. પિતાનો ગુસ્સો વધી રહ્યો હતો, પિતાએ ફરી વેઈટરને ફરિયાદ કરી તો એણે નવી જગ્યાએ બેસવા વિનંતી કરી. થોડીવારમાં વેઈટરે સરસ મજાના ગ્લાસમાં પાણી લાવ્યો પણ પાણી સાવ ડહોળું અને વાસ મારતું હતું. પિતાએ પાણી વેઈટરના મોં પર ફેંક્યુ અને દીકરાને લઈને ચાલતી પકડી. ત્યારે દીકરાએ કહ્યું, 'પપ્પા માફ કરજો પણ તમે ઑફિસમાં જે કામો કરીને તમારા હૃદયને ગંદુકરો છો અને પછી સાંજે એ હૃદયમાં બેસવા માટે ભગવાનને પ્રાર્થના કરો છો, સત્સંગ કરો છો, તો ભગવાન ને તમારા પર ગુસ્સો નહીં આવતો હોય?'

પિતાને પુત્રની ટકોર સમજાઈ અને ભ્રષ્ટાચાર નહીં કરવા પ્રતિજ્ઞા લીધી.

# નવલાં નોરતાં : ઉપાસના પર્વ

**તંત્રીસ્થાનેથી...**

શારદીય નવરાત્રી એ ગરવી ગુજરાતનું અસ્મિતા પર્વ છે. આખી દુનિયા ગુજરાત અને ગરબાને પર્યાયવાચી શબ્દો માને છે. પશ્ચિમના દેશો સળંગ નવ દિવસ ચાલતા વિશ્વના સૌથી મોટા નૃત્ય મહોત્સવ તરીકે નવરાત્રીનો મહિમા કરે છે અને એનો લહાવો લૂંટવા દેશવિદેશના સહેલાણીઓ ગુજરાતમાં ઊમટી પડે છે. ખરું પૂછો તો નવરાત્રી તો જગજનની મા અંબાની આરાધનાનું પર્વ છે. એમાં શ્રદ્ધાપૂર્વક ઉપવાસ કરી નવી ઊર્જા પ્રાપ્ત કરનારા મહાનુભાવોમાં આપણા માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું નામ પણ સામેલ છે. પરંતુ નૃત્યગાન પણ ઉપાસનાનું જ માધ્યમ છે જે દ્વારા ઉપાસક તન્મય થઈ માતાજીનાં ગુણગાન ગાય છે અને એમની કૃપા પ્રાપ્ત કરે છે. કોરા ઘડાઓમાં દીપ સ્થાપન કરી માથે દઈ ગરવી ગુજરાતણે ગરબે ઘૂમે છે ત્યારે હાજરાહજૂર જોગમાયા આરાસુર કે પાવાગઢથી ઊતરીને રમણે ચડ્યાં હોય એવો સિનારિયો સરજાય છે. શેરી ગરબા એ ઉપાસનાનું કલાસિક સ્વરુપ છે, જે કાળક્રમે લુપ્ત થતું રહ્યું છે અને એની જગ્યાએ ઘોંઘાટિયા ડીજે સાથેની ઝાકઝમાળની બોલબાલા વધી ગઈ છે. જે નવરાત્રી માતૃ-ઉપાસનાનું ગંભીર પર્વ હતું તે કાળક્રમે ધીકતો નૃત્યોત્સવ બની ગયો છે, જેની પાછળ કરોડોનું રોકાણ થતું રહે છે અને ભક્તિનું સ્થાન ગ્લેમર તથા કૃત્રિમ અદ્યતન મ્યુઝિક પાર્ટીઓ દ્વારા રજૂ તથા ફિલ્મી ઢબનાં ગીતોએ લઈ લીધું છે. હવે નવરાત્રી એ મધ્યમ અને ઉચ્ચ વર્ગનો પ્રેસ્ટિજ ફેસ્ટિવલ બની ગયો છે, જેમાં આરાધના કે ઉપાસનાને બદલે શૃંગાર, સાજ સજાવટ અને સેક્સી ચેષ્ટાઓનો જ પ્રભાવ જોવા મળે છે. શેરી ગરબાનો નાભિશ્વાસ ચાલી રહ્યો છે જયારે ડીજેના તાલે ઝૂમતા નવ યુવાનો અને યુવતીઓ આ નવ દિવસ પૂરતાં સ્વૈરવિહારી બની એમની ફાટ ફાટ ઊર્જાનો મનફાવે એવો વિસ્ફોટ કરી મૂળ મૂળ પરંપરાની ક્રૂર મજાક ઉડાવતાં ફરે છે. વાલીઓ માટે આ મહોત્સવ ઉચાટનું પર્વ બની રહે છે. નવરાત્રી પછીના મહિનાઓ ગાયનેકોલોજિસ્ટો માટે ટંકશાળ સમા પુરવાર થતા હોય ત્યારે એ પવિત્ર ઉપાસના પર્વની ગરિમા અને ઔચિત્ય જાળવવાની ખતરાની ઘંટડીનો મર્મ સમજી લેવાની જરૂર છે. આપણે ઉત્સવપ્રિય પ્રજા છીએ. દેવી-દેવતાઓને પ્રસન્ન કરવાના નિમિત્તે આપણે આવા ઉત્સવોની પરંપરા શરુ કરી હશે. પરંતુ માતાજીએ તો સ્ત્રી દેહ તરફ ફૂટી નજર કરનારા દૈત્યોનો - શુંભ-નિશુંભ, મહિષાસુર કે પતઈ રાજાનો પરાજય કરી એક ભવ્ય પરંપરા સરજી હતી. આજે એથી તદ્દન વિપરીત એવી ગેંગરેપ જેવી ઘટનાઓ થકી નારીના સૌંદર્યનું અપમાન અને શોષણ થતું રહેતું હોય ત્યારે નવરાત્રી મહોત્સવના વર્તમાન સ્વરુપમાં ધરમૂળથી પરિવર્તન કરવાની જરૂર છે એમ નથી લાગતું? આપણે ઉત્સવની પવિત્રતાને અકબંધ રાખીને એનો આનંદ લૂંટીએ ત્યાં સુધી તો બરાબર; પણ એને કોરુંકટ કોમર્શિયલ સ્વરુપ આપી એમાં રહેલા ઉપાસનાના હાર્દને જ મારી નાખીએ તે કેમ ચાલે? ગરવી ગુજરાતે એની આગવી ઓળખાણ બની રહેલ નવરાત્રીને એની પરંપરાગત ગરિમા સાથે ઊજવવા કૃતસંકલ્પ થવું પડશે. તો જ એના પર આરાસુરની અંબિકા, શંખલપુરની બાલાસુંદરી બહુચરા અને પાવાગઢની કાલિકાના આશીર્વાદ ઊતરશે. ગુજરાતના ગૌરવ ગીત 'જય જય ગરવી ગુજરાત'માં નર્મદે આ દેવી આશીર્વાદ જ યાચ્યા છે. નમતસ્તૈ નમસ્તસ્યૈ નમસ્તયૈ નમો નમઃ !

# નીત નવાં રૂપમાં પ્રગટ્યા છો માત તમે...!



અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા



ભગવતી દુર્ગા નવ રૂપોમાં પ્રગટ્યા છે. નવરાત્રીના નવ દિવસમાં રોજે રોજ એમાંથી એક એક રૂપની ક્રમશઃ ઉપાસના અને પૂજા થાય છે. આ રીતે ક્રમ છે :

(૧) શૈલપુત્રી (૨) બ્રહ્મચારિણી (૩) ચંદ્રઘંટા (૪) કૂષ્માંડા (૫) સ્કન્દમાતા (૬) કાત્યાયની (૭) કાળરાત્રિ (૮) મહાગૌરી (૯) સિદ્ધિદાત્રી.

(૧) પ્રજાપતિ દક્ષની કન્યા પછીએ પછીનો જન્મ પર્વતરાજ હિમાલય અને તેની પત્ની મેનાને ઘરે લીધો. પરણવા લાયક વય થઈ એટલે એણે ઉગ્ર તપશ્ચર્યા કરી અને ભગવાન શંકરને પતિ રૂમમાં મેવળ્યા. આ શૈલપુત્રી - પર્વતરાજ કન્યા - ઉમા હૈમવતી તરીકે પ્રસિદ્ધ થયા. ઉગ્ર તપ કર્યુ - માતા બોલી ઉઠી - 'ઉ... મા' હૈમવતી ઉમાએ એકવાર દેવોનું અભિયાન પણ ઉતાર્યું. એમનો મંત્ર છે - ૐ હ્રીં શૈલપુત્ર્યૈ નમઃ ।

(૨) પાર્વતીએ તપશ્ચર્યા ઉગ્ર કરી હતી. 'બ્રહ્મ' નો એક મુખ્ય અર્થ તપ થાય છે. આથી એ બ્રહ્મચારિણી તરીકે પ્રસિદ્ધ થયા આ કઠોર તપથી બ્રહ્માએ એને આશ્વાસન આપ્યું કે તમને શિવ પતિસ્વરુપે મળશે. બ્રહ્માનું આ વરદાન ફળ્યું. હિમાલય અને મેના તેને મહર્ષિ લેવા આવ્યા. આનો મંત્ર છે - ૐ હ્રીં બ્રહ્મચારિણ્યૈ નમઃ

(૩) ભગવતીના મસ્તકે ઘંટ આકારનો અર્ધચંદ્ર છે. આથી એનું નામ ચંદ્રઘંટા છે એને દશ હાથ છે અને એમાં યુદ્ધના અસ્ત્રો છે, એ સિંહવાહિની છે. અને ભક્તને આપત્તિઓ સામે લડવાનું પરાક્રમ આપે છે. સિંહની જેવી નિર્ભયતા આપે છે. એનો મંત્ર છે - ૐ હ્રીં ચંદ્રઘંટાયૈ નમઃ ।

(૪) ભગવતી મધુર અને પવિત્ર સ્મિત સાથે બ્રહ્માંડને ઉત્પન્ન કરે છે. સૂર્યમંડળમાં એનો નિવાસ છે. એને કૂષ્માંડ - કોળું પ્રિય છે. એનું નામ કૂષ્માંડા છે. એને આઠ હાથ હોવાથી 'અષ્ટભૂજા' કહેવાય છે. એ સિંહવાહિની છે. એનો મંત્ર છે - 'ૐ હ્રીં કૂષ્માંડાયૈ નમઃ'

(૫) કાર્તિકેયનું એક નામ સ્કન્દ છે. આથી ભગવતી સ્કંદ માતા છે. એ ચર્તુર્ભુજ છે. એક હાથમાં સ્કંદ ને ખોળામાં રાખીને સિંહ ઉપર સવારી કરે છે, કમળ પણ એમનું આસન છે. એ સૂર્યમંડળના અધિષ્ઠાત્રી છે. એનો મંત્ર છે - 'ૐ હ્રીં સ્કન્દમાતાયૈ નમઃ'

(૬) ઋષિ કાત્યાયન કાત્યના પુત્ર હતા. એની તીવ્ર ઈચ્છા હતી કે ભગવતી એમને ઘરે પુત્રી રૂપે અવતરે. ભગવતી એ એની આ ઈચ્છા પૂરી કરી. આથી એ કાત્યાયની તરીકે ઓળખાયા. આ સ્વરુપમાં એમણે મહિષાસુરનો વધ કર્યો. એ ચાર હાથ ધરાવે છે. સિંહાસના છે. એનો મંત્ર છે : ૐ હ્રીં કાત્યાયન્યૈ નમઃ.

(૭) આ સ્વરુપમાં ભગવતીનો વર્ણ રાત્રિના ગાઢ અંધકાર જેવો કાળો છે. આથી એ 'કાળરાત્રિ' કહેવાય છે. ગર્દભ એનું વાહન છે. એ ચતુર્ભુજ છે. સ્વરુપ ભયંકર ખરું, પણ સૌનું કલ્યાણ કરે; તેથી 'શુંભકરી' કહેવાય છે. એનો મંત્ર છે - ૐ હ્રીં કાલરાત્ર્યૈ નમ્ ।

(૮) આ સ્વરુપમાં એમનો વર્ણ એકદમ ગૌર છે, શ્વેત છે. દેહનો વર્ણ તો ખરો જ, પણ એમનાં વસ્ત્ર અને આભૂષણ પણ શ્વેત છે. આથી એ 'મહાગૌરી' છે. એમનો મંત્ર છે - ૐ હ્રીં મહાગૌર્યૈ નમઃ ।

(૯) અણિમા, મહિમા, ગરિમા, લધિમા, પ્રાપ્તિ, પ્રાકામ્યા, ઈશિતા અને વશિતા - આ આઠ સિદ્ધિઓ છે. ભગવતી આ સિદ્ધિઓ સાથે છે. એથી એ 'સિદ્ધિદાત્રી' કહેવાય છે. એમનો મંત્ર છે - 'ૐ હ્રીં સિદ્ધિદાત્ર્યૈ નમઃ'

નવરાત્રિના દરેક નોરતે ક્રમશઃ ભગવતીના આ સ્વરુપની પૂજા કરવી જોઈએ. આપત્તિનું નિવારણ કરીને કલ્યાણની પ્રાપ્તિ કરાવી શકે છે.

# ઓલેમ્પિકમાં ભાગ લેનારી પ્રથમ ભારતીય મહિલા કોણ છે ?



ખજાનો
અનિલ પટેલ

### રમત-ગમત

(૧) સંતોષ ટ્રોફી કઈ રમત સાથે સંકળાયેલ છે ?
(અ) વોલીબોલ (બ) ફૂટબોલ
(ક) ક્રિકેટ (ડ) બેઝબોલ

(૨) મેજર ધ્યાનચંદ કઈ રમત માટે જાણીતા હતા ?
(અ) હોકી (બ) ક્રિકેટ
(ક) કબડ્ડી (ડ) ફૂટબોલ

(૩) કઈ મહિલા ખેલાડી પાયલી એક્સપ્રેસ તરીકે ઓળખાય છે ?
(અ) સાનિયા મિર્ઝા (બ) સંતોષ યાદવ
(ક) દીપીકા કુમારી (ડ) પી.ટી. ઉષા

(૪) પાલઝોર સ્ટેડિયમ ભારતના કયા સ્થળે આવેલ છે ?
(અ) કોલકાત્તા (બ) પટણા
(ક) ગંગટોક (ડ) પટિયાલા

(૫) નીચેનામાંથી ક્રિકેટનું કયુ સ્ટેડિયમ લાહોરમાં આવેલ છે ?
(અ) ગદ્દાફી (બ) બંગબંધુ
(ક) પ્રેમદાસા (ડ) બારામતી

(૬) જવાલા ગટ્ટા ખેલાડી કઈ રમત સાથે સંકળાયેલ છે ?
(અ) ચેસ (બ) જિમ્નાસ્ટીક
(ક) બેડમિન્ટન (ડ) ફૂટબોલ

(૭) નીચેનામાંથી કઈ ખેલાડી તીરંદાજી માટે જાણીતી છે ?
(અ) અંજૂ બી જયોર્જ (બ) બોબલ્યા દેવી
(ક) બચેન્દ્રી પાલ (ડ) ડૉલા બેનરજી

(૮) કૃપાલી પટેલ કઈ રમત સાથે સંકળાયેલ છે ?
(અ) બિલિયર્ડ (બ) જિમ્નાસ્ટિક
(ક) ટ્રિપલ જંપ (ડ) પર્વતરોહણ

(૯) ટેસ્ટ મેચના બંને દાવમાં સદી ફટકારનાર પ્રથમ ભારતીય ખેલાડી કોણ છે ?
(અ) કપિલદેવ (બ) સુનિલ ગાવસ્કર
(ક) વિજય હજારે (ડ) ચેતન શર્મા

(૧૦) વહાણ દ્વારે સમગ્ર વિશ્વની પરિક્રમા કરનાર પ્રથમ મહિલા કોણ છે ?
(અ) ઉજ્વલા પાટીલ સેન (બ) બલિન્દ્રી પાલ
(ક) કર્ણમ મલ્લેશ્વરી (ડ) મેરી લીલા રો

(૧૧) ઓલેમ્પિકમાં ભાગ લેનારી પ્રથમ ભારતીય મહિલા કોણ છે ?
(અ) ભાગ્યશ્રી થિપ્સે (બ) કર્ણમ મલેશ્વરી
(ક) મેરી લીલા રો (ડ) એલ. બોબલ્યા દેવી

(૧૨) કયા દિવસે ખેલાડીઓને રાષ્ટ્રપતિ દ્વારા અર્જુન એવોર્ડ આપવામાં આવે છે ?
(અ) ૨૬ જાન્યુઆરી (બ) ૧૫ મી ઓગસ્ટ
(ક) ૨૯મી ઓગસ્ટ (ડ) ૧૫મી ઓગસ્ટ

(૧૩) અર્પી હિરાકણીનું નામ કઈ રમત સાથે સંકળાયેલ છે?
(અ) વોલીબોલ (બ) ચેસ
(ક) જિમ્નાસ્ટીક (ડ) હોકી

(૧૪) પોલો રમતનું ઉદ્‌ગમ સ્થાન કયું રાજય ગણાય છે ?
(અ) મિઝોરમ (બ) અરુણાચલ પ્રદેશ
(ક) મેઘાલય (ડ) મણિપુર

(૧૫) આંતરરાષ્ટ્રીય ઓલમ્પિક સમિતિમાં સદસ્યતા પ્રાપ્ત કરનાર પ્રથમ ભારતીય ખેલાડી કોણ હતા ?
(અ) સર દોરાબજી ટાટા (બ) મેજર ધ્યાન ચંદ
(ક) જન. કે.એમ. કરિઅપ્પા (ડ) બ્રેડ ઉત્પાદનમાં

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા મહાનુભાવોના જન્મ દિવસ**

- **૨૨ સપ્ટેમ્બર ૧૮૭૬ : સિંગમુંડ ફ્રોઈડ :** આધુનિક મનોવિજ્ઞાનના આદ્યસ્થાપક, ઓસ્ટ્રેલિયા દેશના યહૂદી પરિવારમાં જન્મ. મનુષ્યની 'જાતિય વૃત્તિ' પર સંશોધન કાર્ય કર્યુ.
- **૨૫ સપ્ટેમ્બર : ડૉ. ચંદુલાલ દેસાઈ :** સેવાના ભેખધારી નીડર અને સાહસિક, દાંતના ડૉક્ટર બન્યા. દેવવિદ્યામાં તેમની ગુજરાતમાં ગણના, સાહિત્યના ઉપાષક. બે ગીત સંગ્રહ પ્રગટ થયા. 'છોટે સરદાર'નું બિરુદ મળ્યું. ૧૯૯૬માં નિધન થયું.
- **૨૬ સપ્ટેમ્બર ૧૮૨૦ : ઈશ્વર ચંદ્ર વિદ્યાસાગર :** બંગાળમાં જન્મ થયો. ગરીબ ઘરમાં ઉછેર, શેરીની દિવાબત્તી નીચે બેસીને અભ્યાસ કર્યો. વેદાંત, ધર્મશાસ્ત્ર, જયોતિષશાસ્ત્રમાં નિપુર્ણતા. સંસ્કૃત વિદ્યાલયે તેમને 'વિદ્યાસાગર'નું બિરુદ આપ્યું. ૧૬ ગ્રંથોનું સ્વતંત્ર લેખન. ૧૦ ગ્રંથોનું સંપાદન કર્યું. ૧૮૯૨માં અવસાન થયું.
- **૨૬ સપ્ટેમ્બર ૧૯૩૨ : ડૉ. મનમોહન સિંહ :** ભારતના ૧૪માં વડાપ્રધાન, અર્થશાસ્ત્રી, આર.બી. આઈના. ગર્વનર પદે સેવાઓ આપી. પ્લાનિંગ કમિશનના પણ અધ્યક્ષ રહ્યા, રાજકીયક્ષેત્રે ગણનાપાત્ર યોગદાન.
- **૨૭ સપ્ટેમ્બર ૧૮૭૩ : વિઠ્ઠલભાઈ પટેલ :** બંધારણીય ભૂમિકા પર અંગ્રેજ હકૂમતને હચમચાવનાર, વીર પુરુષનો કરમસદમાં જન્મ. સરદાર વલ્લભભાઈના ભાઈ, ગોધરામાં વકીલાત શરુ કરી. લંડન જઈ વધુ અભ્યાસ કર્યો સ્વદેશ આવી આઝાદીની લડતમાં જોડાયા.
- **૨૮ સપ્ટેમ્બર ૧૮૨૨ : ડૉ. લઈ પાશ્વર :** જીવાણું વિજ્ઞાનના જનક. ફ્રાન્સમાં જન્મ. રસાયણશાસ્ત્રના અધ્યાપક તરીકે સેવા આપી. લેક્ટોબેસીલસ બેકટેરીયાની શોધ કરનાર હડકવાની રસી શોધ કરના.
- **૨૮ સપ્ટેમ્બર ૧૯૨૨ : નટવર પંડ્યા (ઉશનસ્) :** વડોદરાના સાવલી ગામમાં જન્મ. વલસાડ કોલેજ અધ્યાપક અને પ્રિન્સિપાલ રહ્યા. કાવ્ય સંગ્રહો અને સોનેટ કાવ્યો લખનાર. પ્રકૃતિપ્રેમ તેમના કાવ્યોમાં છલકાતો. ૨૦૧૧માં તેમનું નિધન થયું.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**રેલ્વે મંત્રી તરીકે કયા મહાનુભાવની પસંદગી કરવામાં આપી છે?**

**જવાબ : પિયૂષ ગોયલ**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૨) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી
(૩) નટુભાઈ દરજી : પેથાપુર
(૪) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
(૫) અનિકેત સુમેસરા : સે-૨૪
(૬) વાઘેલા દિલીપ કે : ઉદણ, દહેગામ
(૭) દિનકરલાય એમ. જોષી : સે-૪એ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**મ્યાનમાર દેશના વડાપ્રધાન કોણ છે?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) બ (૨) અ (૩) ડ (૪) ક (૫) અ (૬) ક (૭) ડ (૮) બ (૯) ક
(૧૦) અ (૧૧) ક (૧૨) ક (૧૩) બ (૧૪) ડ (૧૫) અ

# શું તમે મને માફ કરી શકો...?



તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

નવરાત્રીની સિઝન, નવરાત્રીની સિઝન... એ સિઝન ન કહેવાય. નવરાત્રી તો માતાજીની આરાધનાના નવ દિવસ ભક્તિ માર્ગમાં જુદી જુદી રીતે ભગવાન અને માતાજીની આરાધના કરતા હોઈએ છીએ. એટલે નવ દિવસમાં જ આરાધના કરી લેવાની. પછી આખું વર્ષ આરામ...? પ્રશ્ન તો થાય જ. જવાબ આપવાનું મન થાય. દરેક મનુષ્ય પોતપોતાની બુદ્ધિ અને આસ્થા પ્રમાણે જવાબ આપે. હું પણ પ્રયત્ન કરું છું. મને લાગે છે કે ભક્તિ બારેમાસ કરવી જોઈએ. પણ નવરાત્રી દરમિયાન માને વિશેષરૂપે ભક્તિ કરવી જોઈએ. જોકે, ખાલી ગરબા ગાઈને ભક્તિ થઈ શકે એવું નહીં. ઘરમાં બેસી માની સામે શાંત ચિતે માના વિશે વિચારી આપણામાં રહેલી અશુદ્ધિઓ કામ, ક્રોધ, મોહ, મચ્છર વગેરેને સંયમિત રીતે વર્તીને અંકુશમાં રાખવી એવી શક્તિ મા આપે એના માટે આ નવ દિવસ આરાધના કરવાની હોય છે. માને પ્રાર્થના કરવાની હોય છે કે હે મા તું મને દુનિયાના ખરાબ પાસાઓથી બચાવજે અને એને નાથવા માટે મારામાં મનોબળ અને શક્તિ ભરી દે. પણ યુવાનો કદાચ આ ન કરી શકે એટલા જ માટે ગરબા રૂપે માતાજીની આરાધના કરી આ શક્તિને આપણે પામવાની છે એવો અર્થ નીકળે એવું મને લાગે છે. પણ આજકાલ પાર્ટી પ્લોટોમાં ફિલ્મી ગીતોમાં ગરબા ગાઈ માતાજીનું અપમાન ન કરવું જોઈએ. ડીસ્કો ગરબા જેવી વસ્તુ આપણી સંસ્કૃતિમાં નથી તેનાથી દુર રહેવું જોઈએ. સૌથી વધારે અગત્યની વસ્તુ એ છે કે, એક મનુષ્ય બીજા મનુષ્યને માન આપે, સન્માન આપે અને જો બંને વચ્ચે કોઈપણ જાતની વેરભાવના જન્મી હોય તો આ નવરાત્રી દરમિયાન એકબીજાને માફ કરી અને માની આરાધના પૂરી કરવી જોઈએ એવું હું સંપૂર્ણપણે હું માનું છું. કારણ કે આપણો આધ્યાત્મિક વારસો પણ એ કહે છે કે ક્ષમા આપવી એ વિરનું આભૂષણ છે. મહાન માણસ અથવા તો ખરો ભક્ત કોઈપણ મનુષ્યને જો દિલથી માફ કરી શકે તો એનાથી વધારે નવરાત્રીનું મહત્ત્વ નથી અને એ કરવું જોઈએ. જેમ જૈનોમાં તપ આરાધના પછી મિચ્છામી દૂક્કડમ કહીને એકબીજાને પ્રેમથી આવકારે છે એ જ વાત નવરાત્રીની છે. આ વાત તો થઈ ધાર્મિક અને આધ્યાત્મિક. નવરાત્રી દરમિયાન વાતાવરણ ભેજવાળું તેમજ શરીરને અનુકૂળ ન આવે એવું હોય છે અને એ વખતે વરસાદના લીધે મચ્છર, વાયરસ વગેરેનો ઉપદ્રવ વધારે પ્રમાણમાં હોય છે. માટે જ મોટા ભાગના લોકો તાવ, ઉધરસ, ખાસી એટલે કે સ્વાઈન ફ્લુ, ડેન્ગ્યુ અને મેલેરિયા જેવા રોગથી પીડાતા હોય છે. એટલે પોતાની જાતને આ બધાથી બચાવવા ખૂબ જરૂરી છે. અત્યારે પાર્ટી પ્લોટોમાં ચારે બાજુ ગંદકી જોવા મળે છે. મચ્છરનો ઉપદ્રવ વધારે પ્રમાણમાં હોય છે અને હજ્જારોની મેદનીમાં એકબીજાનો ચેપ ઝડપથી લાગવાની શક્યતા હોય છે. એટલે પોતાની જાતને કેમ સાચવવી અને પાર્ટી પ્લોટોના સંચાલકોએ લોકોની સુખાકારી માટે પૂરતા પ્રમાણમાં આયોજન કરવા જોઈએ. જે લગભગ કોઈપણ પાર્ટી પ્લોટમાં જોવા મળતું નથી. ચારેબાજુ પાણી ભરાયેલું હોય, સડેલા ખોરાકની દુર્ગંધ આવતી હોય અને હજ્જારોની સંખ્યામાં લોકો ભેગા થયા હોય ત્યારે રોગ લાગે એની શક્યતાઓ ખૂબ જ પ્રમાણમાં વધારે હોય છે. તો કરવું શું જોઈએ ? ગરબામાં ન જવું ? ઘરમાં બેસીને માતાજીની આરાધના કરવી. પણ એ યુવાનો માટે શક્ય નથી. માટે પાર્ટી પ્લોટોના આયોજકોને નમ્ર વિનંતી છે કે ખાણી-પીણીના સ્ટોલ ચોખ્ખા રાખવા, સારું અને સ્વચ્છ નાસ્તા પૂરો પાડવો જોઈએ. કોઈપણ જગ્યા ઉપર ગંદકી ન હોય, ક્યાંય પાણી ભરાયેલું ન હોય તેની તકેદારી રાખવી જોઈએ. ઘણીવાર લોકો પૂછતાં હોય છે કે દરેક વખતે ડૉક્ટરને બતાવીને જ દવા લેવી ? તમે જાતે કોઈ દવા ન લઈ શકો ? સામાન્ય રીતે ડૉક્ટરને બતાવવું જરૂરી હોય છે. પણ ક્યારેક ક્યારેક સામાન્ય તાવ, સામાન્ય ઉધરસ માટે ઘરગથ્થું દવા અથવા તો સામાન્ય દવાઓ દર્દી જાતે લઈ શકે. ધારો કે, આજે મને તાવ આવ્યો. તો શું એ મેલેરિયા, ડેન્ગ્યુ કે સ્વાઈન ફ્લુ જ હોઈ શકે એવું જરૂરી નથી. સામાન્ય વાયરલ ફીવરમાં સાદી પેરાસિટામોલ લઈ આરામ કરી તમે તમારી બિમારીને કંટ્રોલ કરી શકો છો. દરેક વખતે એન્ટીબાયોટીક શરીરમાં નાંખવી જરૂરી નથી હોતી. જેમ આગળ કહ્યું તેમ તાવમાં સાદી પેરાસિટામોલ અને વિટામિન-સી લો તો તકલીફ જતી રહે છે. જેમ ઉધરસ થઈ હોય તો દરેક વખતે એન્ટીબાયોટીક લેવી જરૂરી નથી હોતી. જુના જમાનામાં જ્યારે કંઈ જ દવાઓ મળતી નહોતી ત્યારે દૂધમાં હળદર અને મીઠું નાંખી લઈ લેતા અને પછી કાંઈ પણ ન લેતા. આમ કરવાથી મોટા ભાગના લોકોને ઉધરસ મટી જતી. એ આજે પણ એટલું જ સત્ય છે. માટે દરેક વખતે ડૉક્ટરને બતાવવું એ જરૂરી નથી. પણ હા આ દવાની અસર જો બે દિવસ અથવા તો ત્રણ દિવસ સુધી ન થાય તો ડૉક્ટરની સલાહ લેવી જરૂરી બની જાય છે. એન્ટીબાયોટીક અને બીજી એલર્જીની દવાઓ જાતે ન લેવી જોઈએ. કારણ કે કેટલી માત્રામાં લેવી અને ક્યારે ક્યારે લેવી અને કઈ લેવી એ માટે ભણવું પડે અને શરીરની તાસીરથી વાકેફ થવું પડે. એ ડૉક્ટર જ કરી શકે. અને જરૂર પડે તો લોહી ટેસ્ટ અને પેશાબનો ટેસ્ટ પણ કરાવવો જોઈએ. દરેક વખતે લોહી ટેસ્ટ કરવો જરૂરી છે. સામાન્ય રીતે બે ત્રણ દિવસમાં જો તમારી બિમારી

અનુસંધાન પાના નં. ૭ પર